...તી આર્થિક સમીક્ષા, બજાર વિશ્લેષણ અને શેર સમીક્ષા ...ખક દ્વારા શેરબજાર અંગે પ્રાપ્ય માહિતીના આધારે રજૂ ...બજારમાં રોકાણ કરવા ઇચ્છતા રોકાણકારે રોકાણનો કોઈ ...ની સમજણ અને નિષ્ણાંતના માર્ગદર્શનને આધારે કરવાનો ...રને પોતાના નિર્ણયથી થનારા લાભ કે નુકસાન માટે ઇકોનોમિક ...લેખક/એનાલિસ્ટ કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

# ...M બ્રુઅરિઝનો શેર ત્રણ ...હિનામાં 75 ટકા ઉછળ્યો

જ્વલિત વ્યાસ
મુંબઈ

મુંબઈ સ્થિત શરાબ કંપની જીએમ બ્રુઅરિઝનાં છેલ્લાં કેટલાંક મહિનાથી રોકાણકારોના રસમાં અસાધારણ વધારો થયો છે. છેલ્લાં બે ક્વાર્ટરમાં ... ચોખ્ખા નફા અને મજબૂત બેલેન્સશીટને પગલે છેલ્લા ત્રણ મહિનામાં કંપનીના શેરના ભાવમાં આશરે ૭૫ ટકાનો ઉછાળો આવ્યો છે.

જીએમની બ્રાન્ડ્સ જીએમ સાન્ટ્રા અને જીએમ સૌન્ફ ઊંચી આવક ધરાવતા ગ્રાહકોમાં કદાચ જાણીતી નથી, પરંતુ નીચી આવક ધરાવતા ગ્રાહકોમાં તેને ઊંચી પસંદગી મળે છે. સંચાલકીય મોરચે જીએમ ઝીરો ડેટર ડેઝ ધરાવે છે, કારણ કે તે તેના વિતરકોને ક્યારેય ક્રેડિટ આપતી નથી. પરંતુ તેને સપ્લાય પાસેથી ક્રેડિટ મળતી નથી, તેથી તેની કાર્યકારી મૂડીની સાઇકલ ઊંચી કાર્યક્ષમ છે. કાર્યમૂડીની ઓછી જરૂરિયાતને કારણે કંપની કોઈ દેવું પણ ધરાવતી નથી. તે ૨૦ ટકા માર્જિને બિઝનેસ કરે છે અને છેલ્લાં ૧૫ વર્ષમાંથી દરેક વર્ષે આવકમાં સાતત્યપૂર્ણ ધોરણે વૃદ્ધિ ...વી છે. આની સરખામણીમાં ભારતમાં ઘણી લિસ્ટેડ શરાબ કંપનીઓ ...રો ડેબ્ટ ડેઝને આધારે બિઝનેસ કરતી નથી અને આ ઉપરાંત આ કંપનીઓ વધુ સારાં માર્જિન કે વૃદ્ધિમાં સાતત્ય ધરાવતી નથી. માર્ચ ૨૦૧૫માં પ્રોડક્ટ્સના ભાવમાં વધારાને કારણે છેલ્લાં બે ક્વાર્ટરમાં નફાકારકતામાં નોંધપાત્ર વધારો થયો છે. આ ઉપરાંત તેનો રેક્ટિફાઇડ સ્પિરિટનો ખર્ચ નીચો છે, જે કંપની માટે મુખ્ય કાચો માલ છે.

૨૦૧૫-'૧૬ના નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં જીએમની આવકમાં વાર્ષિક ધોરણે ૧૬ ટકા અને ચોખ્ખા નફામાં ૨૭૦ ટકાનો જંગી ઉછાળો આવ્યો છે. આ સમયગાળામાં તેનું ઓપરેટિંગ માર્જિન ૨૬ ટકા રહ્યું હતું, જે અગાઉના વર્ષના પ્રથમ છ મહિનામાં આશરે ૧૦ ટકા હતું. ગુરુવારે શેરના ભાવ ₹૬૬૯.૮એ બંધ આવ્યો હતો. FY16-ની કમાણીના ૧૩ના પીઇએ ટ્રેડ થઈ રહ્યો છે.

# સબસિડી સ્કીમથી ટેક્સટાઇલ્સ શેરોમાં નવ ટકા સુધીની તેજી

**નવી દિલ્હી:** સરકારે નિકાસકારો માટે વ્યાજદર સબસિડી સ્કીમની જાહેરાત કર્યાના બીજા દિવસે ટેક્સટાઇલ કંપનીઓના શેરમાં નવ ટકાનો ઉછાળો આવ્યો હતો. બીએસઇમાં અરવિંદ લિમિટેડના શેરનો ભાવ ૮.૯૨ ટકા ઊછળીને ₹૩૧૦.૧૦ થયો હતો, જ્યારે બોમ્બે ડાઇંગના શેરનો ભાવ ૮.૦૪ ટકા વધીને ₹૬૬.૫૫ થયો હતો. આ ઉપરાંત સેન્ચુરી ટેક્સટાઇલનો શેર ૪.૬૭ ટકા વધીને ₹૫૭૪.૩૦એ બંધ આવ્યો હતો અને રેમન્ડ લિમિટેડનો શેર ૩.૭૩ ટકા ઊછળીને ₹૪૨૩.૫૫એ બંધ આવ્યો હતો. ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીનો શેર ૧.૯૭ ટકા તેજી સાથે ₹૩,૬૭૫એ બંધ આવ્યો હતો. ટેક્સટાઇલ ક્ષેત્રની નિકાસમાં સતત ઘટાડાને કારણે સરકારે નિકાસકારો માટે ૩ ટકા ઇન્ટરેસ્ટ સબસિડી સ્કીમની જાહેરાત કરી હતી, જેનાથી આ ક્ષેત્રને આશરે ₹૨,૭૦૦ કરોડનો લાભ થશે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.


AXIS BANK

રજીસ્ટર્ડ ઓફિસ: "ત્રિશુલ", ત્રીજો માળ, સમર્થેશ્વર મંદિર સામે, લો ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
સીઆઇએન: એલ૬૫૧૧૦જીજે૧૯૯૩પીએલસી૦૨૦૭૬૯
ઇમેઇલ: shareholders@axisbank.com વેબસાઇટ: www.axisbank.com
ટેલીફોન નં: ૦૭૯-૬૬૩૦૬૧૬૧ ફેક્સ નં: ૦૭૯-૨૬૪૦૯૩૨૧

## સભ્યોને નોટિસ

આથી બેંકના સભ્યોને જાણ કરવામાં આવે છે કે બેંક દ્વારા ૧૯ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ગુરુવારે, ઇલેક્ટ્રોનિક રીતે મતદાન કરવા (ઇ-વોટિંગ) સહિત પોસ્ટલ બેલેટ દ્વારા મંજુરી મેળવવા માટે, ૩૦ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ શુક્રવારે જે સભ્યોના ઇમેઇલ આઇડી નોંધાયેલા છે તેમને ઇમેઇલ દ્વારા તથા ૩૦ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ શુક્રવારે જે સભ્યોના ઇમેઇલ રજીસ્ટર્ડ નથી તેમને પોસ્ટેજ સહિત પ્રીપેઇડ એન્વલપ, ખુદના સરનામા સાથે, પોસ્ટલ બેલેટ ફોર્મ (ફોર્મ) સાથે કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ સાથે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય જોગવાઇઓને વાંચતા તથા કલમ ૧૧૦ની જોગવાઇઓને અનુલક્ષીને પોસ્ટલ બેલેટ નોટિસની રવાનગી પૂર્ણ કરવામાં આવી છે. બેન્ક ઇવોટિંગ સુવિધા આપવા માટે કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઇવેટ લિમિટેડ (કાર્વિ)ની સેવાઓ લઇ રહી છે.

પોસ્ટલ બેલેટ નોટિસમાં નીચે પ્રમાણેનો ઠરાવ છે:

| ઠરાવનો પ્રકાર | વિગત |
|---|---|
| ખાસ ઠરાવ | તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૬ થી ૮મી ઓક્ટોબર, ૨૦૧૮ના ગાળા માટે બેન્કના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી પ્રસાદ આર. મેનન (ડીઆઇએન: ૦૦૦૦૫૦૭૮)ની પુનઃનિયુક્તિ |

કોઈ કિસ્સામાં જે સભ્યો પાસે ઇમેઇલ આઇડી કાર્વિ કે ડિપોઝીટરી પાર્ટીસિપન્ટ પાસે નોંધાયેલ નથી તેમને વોટિંગ માટે લોગઇન આઇડી અને પાસવર્ડ માટે ફોર્મમાં આપવામાં આવશે. જો કોઈ સભ્યોના ઇમેઇલ આઇડી કાર્વિ કે તેમના ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ સાથે રજીસ્ટર્ડ છે તેમને ઇવોટિંગ માટે લોગઇન આઇડી અને પાસવર્ડ કાર્વિ તરફથી ઇમેઇલમાં આપવામાં આવશે જેથી સભ્યો ઇવોટિંગ કરી શકે. સભ્યો કે જેઓ કાર્વિમાં ઇવોટિંગ માટે અગાઉથી જ રજીસ્ટર્ડ છે તેઓ તેમના હાલના લોગઇન આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

બેન્ક દ્વારા પોસ્ટલ બેલેટને યોગ્ય અને પારદર્શી રીતે યોજવા માટે સ્ક્રુટિનાઇઝર તરીકે પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરી શ્રી રાઘવેન્દ્ર રાવની અથવા તેમની અનુપસ્થિતિમાં પ્રેક્ટિસીંગ કંપની સેક્રેટરી શ્રીમતી સુજાતા વકાડાની નિયુક્તિ કરવામાં આવી છે.

વોટિંગ ૧૯ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ગુરૂવારે (સવારે ૯.૦૦થી) શરૂ થશે અને તે ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ શુક્રવારે (૬.૦૦ વાગ્યા સુધી) બંધ થશે. ઇવોટિંગ પ્લેટફોર્મ ૧૮ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ શુક્રવારે સાંજે ૬.૦૦ વાગ્યે નિષ્ક્રિય કરાશે, ઉક્ત તારીખ પછી કોઈ સભ્યો દ્વારા કોઈ ફોર્મ મોકલાશે તેના અંગે ઠડકપણે કોઈ પ્રત્યુત્તર અપાશે નહીં.

જે સભ્યોને ફોર્મ મળ્યા નથી અને તેઓ ડુપ્લીકેટ ફોર્મ ઇચ્છે છે કે પોસ્ટલ બેલેટ પ્રક્રિયા અંગે કોઈ વાંધા તકરાર છે તો તેઓ બેન્કના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, કાર્વિ કમ્પ્યુટરશેર પ્રાઇવેટ લિમિટેડ, યુનિટ: એક્સિસ બેન્ક લિમિટેડ, કાર્વિ સેલેનિયમ ટાવર બી, પ્લોટ ૩૧-૩૨, ગાચીબોવલી, ફાઇનાન્સિયલ ડિસ્ટ્રીક્ટ, નાનકરામગુડા, હૈદરાબાદ-૫૦૦૦૩૨ ખાતે કુ. વારાલક્ષ્મી, આસીસ્ટન્ટ જનરલ મેનેજર અથવા શ્રી જી વસંત રાવ ચૌધરી, ડેપ્યુટી મેનેજર, કાર્વિ કમ્પ્યુટરશેર પ્રાઇવેટ લિમિટેડનો સંપર્ક કરી શકે છે. ઇમેઇલ આઇડી: vlakshmi.p@karvy.com અથવા evoting@karvy.com અથવા vasanth.g@karvy.com અથવા einward.ris@karvy.com પર અથવા ટેલીફોન નં. ૦૪૦-૬૭૧૬૧૫૧૪ અથવા ૧૮૦૦ ૩૪૫ ૪૦૦૧ (ટોલ ફ્રી) પર સંપર્ક કરી શકાય છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ મંગળવારે જાહેર કરાશે.

બોર્ડના આદેશથી

મુંબઈ
૧૯ નવેમ્બર ૨૦૧૫

ગિરિશ વી. કોલીયોટે
કંપની સેક્રેટરી


૨૦/૧૧ દિ. (ગ)